સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

સલામી સવારની..

છૂટે છે મિસાઇલ ને સફળ વાર થાય છે,
પાંચ હજાર કીમી સુધી હવે માર થાય છે!
મારી જાય ટપલી, કાપી જાય નાક નક્ષલી -
પચાસ કીમી પર બેઠેલાની પણ માર ખાય છે!?
(સફળ ઓપરેશન?!)

હાઇકુ

ટીટોડી પણ..
રમે રાજકારણ -
ઇંડા મૂકીને..
(હવામાન ખાતાંની જેમ ગોળગોળ આગાહી)

'નહેરૂ વંશ'
વફાદારીનું ફળ -
- છે 'રાજયપાલ..'
(નિર્દોષ કબૂલાત)

ચિંતન

લક્ષ્યમા પરિપૂર્ણ ઓ અહમ ન ભયં મે અસ્તીતિ મોહ નિદ્યા ।
પરિપૂર્ણ સ્થૈવેન્દો ભવતિ ભવં સિંહિકા સૂનો ॥

'કેટલાક લોકોને મદ-અભિમાન આવી જાય છે કે હવે ગર્ભ શ્રીમંત છું. કરોડો-અબ્જો જેવી સંપૂર્ણ - 'સમૃધ્ધિથી ભરપુર છું મને હવે કોઇનો પણ હવે ભય નથી.' આવી માન્યતા, અહમ્ એ એની મોહ નિદ્રા છે. પૂનમનો ચંદ્ર સોળે કળાએ પરિપૂર્ણ હોય ત્યારે જ તેને રાહુ દ્વારા ગ્રહણનો ભય હોય છે.'

આપણે દરરોજ વર્તમાનપત્રો અને ટીવી ચેનલો દ્વારા જાણવા મળે જ છે કે રાજકર્તા પ્રધાન-અધિકારીઓ કરોડો-અબજોની ખાયકી કરતાં એવું જ વિચારતા હશે કે હવે મારી સાત પેઢીઓને કોઇ જ ચિંતા નહીં; પણ કુદરતનો ન્યાય અહીં જ છે આવા અધિકારીઓ-પ્રધાનો જેલમાં બેઠા છે અને તેમની સંપત્તિ 'સીલ' થઇ ગઇ છે.

એકના બમણા-તમણા કરનારા, જૂઠ-ઠગાઇ, છેતરપીંડી કરનારા કયારેક ને કયારેક કાયદાની ચૂંગાલમાં જકડાઇ જ જાય છે અને કુદરતનો ન્યાય મળે જેલમાં જાય કે પૈસા-સમૃધ્ધિ નાશ પામે, સમૃધ્ધ કંપનીમાં આગ લાગી જાય, ધરતીકંપ-વાવાઝોડાં જેવી સુનામી આવી જાય બધું જ નાશ પામી જાય..

અહીં સમૃધ્ધ પૂર્ણિમા અચાનક ગ્રહણનો ભોગ બની જાય એ દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

સુવિચાર

- *બીજાના ભાગ્ય પર જીવન-નિર્વાહ કરનારા સદાય દુ:ખી થાય છે* - **વિદુરજી**
- *જે ખોટી વાતને સાચી જેવો ઢોળ ચડાવીને બોલે તે પાપથી ખરડાય છે, તો પછી નરાતળ ખોટું જ બોલનારા માટે તો શું કહેવું?* - **મહાવીર સ્વામી**
- *નિરાભિમાની પણું એ જ બુધ્ધિ-બળ અને મોટાઇ છે* - **ગિજુભાઇ બધેકા**
- *આપણે જેવા હોઇએ તેવું જ દેખાવું જોઇએ* - **પંડિત નહેરૂ**
- *સંસાર રેતીનો લાડુ છે જે નથી ખાતાં એ પસ્તાય છે અને જે ખાય છે એ વધારે પસ્તાય છે* - **રણછોડદાસજી**
- *દિમાગ ખુલ્લું રાખજો, પણ ખાલી ન રાખતા* - **ડો. ભીમરાવ આંબેડકર**
- *સ્વધર્મ મા સમાન છે મા ગમે તેવી હોય પણ તેનો આશ્રય કલ્યાણકારી હોય-* **વિનોબા**

બોધકથા

લાલબહાદુર શાસ્ત્રી પ્રખર ગાંધીવાદી, સરળ સ્વભાવના નમ્ર અને સાદગી સાથે જ સત્તા પર રહ્યા, ૧૯૬૫માં અન્નની કટોકટી થઇ ત્યારે જાતે એક ટાણાં કરી દેશને સોમવારના એક ટાણાં કરવાનું સૂચન કર્યું..

આજના બાળકો-યુવાનો વડીલની વાત સાંભળી અમલમાં મૂકવાનું તો બાજુએ રહ્યું પણ આદરભાવ બતાવવા સ્મિત પણ નથી આપતા, તો પછી 'ચરણ સ્પર્શ' અને 'વંદન' ની અપેક્ષા તો રખાય જ કેમ?

એકવાર લાલબહાદુરના દૂરના વડીલ એમને ત્યાં મળવા આવ્યા, શાસ્ત્રીજીએ તો ચરણ સ્પર્શ કર્યા જ પણ દૂર બેઠેલ પુત્ર અનિલને પણ બોલાવી વડીલના ચરણ સ્પર્શ કરવા સૂચના આપી.

અનિલને ગમ્યું નહીં પણ પરાણે હાથ ખિસ્સામાં જ રાખી સ્ત્રીઓ હનુમાનજીને નમે એમ માત્ર માથું અર્ધું નમાવ્યું.. શાસ્ત્રીજીએ આ ઉછૃંખલતાની નોંધ લીધી. પછી રાત્રે તેઓશ્રી અનિલના રૂમમાં ગયા અને અનિલને ખંડની વચ્ચોવચ્ચ ઉભો રાખ્યો અને શાસ્ત્રીજી નમી બંને હાથે તેના પગના બંને અંગૂઠાને સ્પર્શ કરી વંદન કરતાં બોલ્યા. 'વડીલ, હું લાલબહાદુર, આપને વંદન કરું છું.'

અનિલ તો ગભરાઇ જ ગયો, કંઇ સમજ ન પડી. પછી શાસ્ત્રીજીએ કહ્યું હું તને વંદન કરવાની સાચી પધ્ધતિ જ સમજાવવા માગતો હતો..

અનિલને બપોરનો પ્રસંગ યાદ આવી ગયો.

હજુ એક મહિના પહેલાં તો હું તેને મળીને ગયો હતો, અને સાંજે આ પહેલો બનાવ હતો કે આ રીતે હું બાને યાદ કરતો હતો, મારા ભાઇઓ હત્પ્રભ મને અને કાકીને જોઇ રહ્યા હતા

નવાં કલેવર

- નટવર હેડાઉ

ધ્રુજતી ધ્રુજતી એ આંગણામાં વાળી રહી હતી. કંપતા હાથે પકડેલ સાવરણીના હલનચલનની સાથે રડતાં રડતાં એ કંઇક બોલી રહી હતી. તેના ડુસકાંઓમાં સ્ફૂટ થતાં શબ્દોમાં કોઇક વાત કરી રહી હતી. તેના ડુસકાંઓ વચ્ચે બોલાતા શબ્દોમાં મને સમજાતું નહોતું કે એ રોઇ રહી છે કે ગાઇ રહી છે. તે પોતાની વાણીમાં જે જતાં રહ્યા છે તેના ગુણગાન ગાઇ રહી હતી. સાડલો તેણે માથે ઓઢેલો હતો તે કપાળ સુધી ઢળતો રાખ્યો હતો. તેથી તેનો ચહેરો જોઇ શકાતો ન હતો. ગરદન ધ્રુજી રહી હતી. સાવરણો ઝાલેલો તેનો હથ જેની ચામડી લટકી રહી હતી.

બાના ગયા ને ત્રણ દિવસ પછી મને ખબર પડેલી. અને હું ઘેર પહોંચ્યો ત્યારે એ બેસવા આવી હતી. હાથમાં સારવણી સાથે. તે આંગણું વાળતાં વાળતાં બાના ગુણોના વખાણ કરતી હતી અને રોઇ રહી હતી કે પછી રોતાં રોતાં ગાઇ રહી હતી.

'કાકી' હું તેની નજીક બેસી પડ્યો. મને સમજણ પડતો નહોતી કે બા આમ અચાનક છોડી જશે. અને આજ પહેલી વાર કાકીને જોઇને થયું કે ખરેખર એ કયાં જતી રહી. હજુ એક મહિના પહેલાં તો હું તેને મળીને ગયો હતો, અને સાંજે આ પહેલો બનાવ હતો કે આ રીતે હું બા ને યાદ કરતો હતો. મારા ભાઇઓ હત્પ્રભ મને અને કાકીને જોઇ રહ્યા હતા.

કાકીનું નામ તો કોણ જાણે શું હતું. કેમ કે અમે નાનપણથી તેને કાકી જ કહેતા હતા. અઠવાડીયે પંદર દિવસે એ અમારે ઘેર આવતી અને ઢોરનાં વાડા, ગમાણ બધું ચોખ્ખું ચટ્ટ કર્યા પછી બા પાસે બેસીને વાતો કર્યા કરતી. સવર્ણ હોવાનું મને અભિમાન અને અકડ હતી. છતાં કાકી અને બાનાં સંબંધો એવા હતા કે તેમાં હું કાંઇ બોલી ન શકતો. કેમ કે, બંને વર્ષો પહેલાં બુધ્ધ પૂર્ણિમાને દિવસે પરણીને આવેલી, અને બા જતાં રહ્યાં ત્યારે કાઢી રડતી હતી કે હવે ગરમ રોટલી મને કોણ ખવડાવશે.

મારું હાઇસ્કૂલનું ભણતર પૂરું થતાં આગળ ભણવા માટે શહેરમાં મારે જવું હતું. પણ બાપુજી ઇચ્છતા નહોતા કે હું આગળ ભણું. અને જો તે ઇચ્છે તો પણ તેમની ત્રેવડ નહોતી. હાં આ એ દિવસોની વાત છે. જયારે હું શહેરમાં જવાની તૈયારી કરતો હતો અને કાકી આવેલી. બા એ તેના ચાંદીના થોડા દાગીના મને ખબર નહીં તેની કિંમત કેટલી હશે તે અને કાકીએ તેના સાડલાના છેડે બાંધીને રાખેલા બસો રૂપિયા આપેલા જેથી હું શહેરમાં જઇને ભણી શકું. મેલી ઘેલી સાડીનાં છેડામાંથી છોડીને ચીમળાયેલી સો-સો ની બે નોટો ખોલીને પોતાના પરસેવાવાળા હાથે આપેલાં બસો રૂપિયા આજે પણ રહી રહીને મારી આંખો સામે તરવરે છે, અને એના જ જોરે મારા બાપુજીના શબ્દોમાં કહું તો શહેરમાં ભાગી આવ્યો હતો. બા ના વિના હું એક દિવસ પણ રહી શકતો નહીં તે મને કાકીને સાથે લઇને દસ કિ.મી. ના ગામ સુધી મુકવા આવી હતી. બસના મુસાફરો એ પ્રશ્નાર્થ નજરો જોતાં કાકીએ કહ્યું કે 'શહેરમાં ભણવા જાય છે.' ત્યારે એ બધા હસી પડેલાં. પટ્ટાવાળો લેંઘો, લાંબી ચાળવાળું ખમીસ અને પહોળાં પટ્ટી વાળી સ્વીપર તે વખતે હું ખાસ પ્રસંગોએ પહેરતો. તે જોઇને ગામડાની સ્ત્રીઓ અને બીજા મુસાફરો મારી હાલત જોઇને હસતાં તેમનું એ હાસ્ય આજે પણ મને ડંખી રહ્યું છે.

આ દરમિયાન નવુંકંઇ બન્યુંનથી. ભણ્યા પછી વર્ષો સુધી શહેરમાં સંઘર્ષ કરતો રહ્યો. શહેરમાં પછડાતો તો ગામ પણ ધુત્કારતું હતું. બસ બા અને કાકી જ હતાં જેને મારા પર વિશ્વાસ હતો. અને બસ એમના એ વિશ્વાસે જ હું મારા દિવસો પસાર કરતો હતો. તેમાં હવે બા રહ્યા નથી. કાકી પણ તેના તૂટેલાં ઝૂંપડામાં એકલી હતી. શેરીઓ કચરોવાળી પોતાનાં દિવસો પસાર કરતી હતી. ટાઢો રોટલો ને કયારેક છાસ મળી જાય તો પેટ ભરી લેતી અને સાંજે આવી ઝૂંપડીમાં પડી રહેતી.

'બેટા, હું એ દિવસની તને વાત કરું છું ત્યારે બ્રાહ્મણ, વાણીયા અમારા પછડાયાથી પણ દૂર રહેતા. તે જમાનામાં દુકાળ પડેલો. છપ્પનીયા જેવો દુકાળ. ખાવા માટે અનાજની કયાં વાત કરવી ભૂસું પણ નહોતું મળતું. તે દિવસોમાં પીપળા પૂનમે અંતે લગ્ન કરીને બંને આવેલી. તારી બા લાંબો ઘુંઘટો કાઢતી. તેણે મને કાકી કહ્યું. તે મને બહુ ગમેલું. ત્યારે બધાંને રોટલાના સાંસા હતા. મારી મા ભૂંશાનો રોટલો બનાવતી અથવા કયારેક ગામમાંથી ટાઢું માંગી લાવતી. તારા બાપા જો તારી મા ને મારી સાથે વાત કરતાં જોઇ જાય તો ખીંજાઇ જતાં અને કયારેક હાથ પણ ઉપાડી લેતા. પણ પીપળી પૂનમે તારી બા પોતાનું ધાર્યું કરતી. તે દિવસે તારી બા મને ગરમ રોટલા બનાવી ખવડાવતી, અને હું હોંશથી ખાતી. તે મરતાં સુધી પોતાની ધરમ નિભાવતી રહી. આંખોમાં જળજળીયાં સાથે કકીએ કહ્યું, ત્યારે મારી આંખો પણ ભીંજાઇ ગયેલી.'

તે પછી થોડા દિવસો બાદ નાના ભાઇનો કાગળ આવેલો કે ગામમા સવર્ણો અને દલિતો વચ્ચે ઝઘડા થયા છે તેમાં કાકીની હાલત બહુ ખરાબ છે. તે કદાચ હવે નહીં બચે. ગામમાંથી એ ટાઢું વાસી કોઇને કોઇ તેને આપી જાય છે. જે ખાઇ લે છે. હું તરત ભાગ્યો. ઉતાવળમાં નીકળી તો ગયો પણ મને સમજાતું નહોતું કે જઇને હું શું અને કયા શબ્દોમાં કાકી સાથે વાત કરીશ. અને હું તેની સાર સંભાળ કેટલા દિવસ રાખી શકીશ. કારણ કે તેનું તો બીજું કોઇ હતું નહીં. પતિ તો વહેલો મરી ગયેલો અને એક છોકરો હતો એ કયારનો ઘર છોડીને જતો રહેલો જે ફરી કરાયેય પાછો આવ્યો જ નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રાર્થના એટલે ઇશ્વર સાથે સંવાદ, ઇશ્વર સાથે એકરૂપ થઇ જવાય તેવી મનની સ્થિતિ, દરેકની પ્રાર્થના કરવાની રીત અલગ-અલગ હોઇ શકે પણ એ પ્રાર્થના જેના માટે કરવામાં આવી રહી છે તે ઇશ્વર માટેની શ્રધ્ધા તમામની સરખી જ હોય છે

પારિજાત

- રેખા ભટ્ટ

પગલું માંડું હું અવકાશમાં
જોઉં નીચે હરિવરનો હાથ
અજંપાની સદા સૂની કેડીએ
ગાતો આવે અદીઠો સંગાથ
જાગીને જોઉં તો કોઇ નથી એકલું.
- મકરન્દ દવે

આપણે સૌએ અનુભવ્યું હશે કે જયારે જયારે અંધારામાં કશેક જતી વખતે ડર લાગે કે એકલા પડી જવાની બીક લાગે, હાથ-પગ પાણી-પાણી થઇ જતા હોય, ત્યારે સહેજ અમસ્તા રસ્તા પાસે બેઠેલા અજાણ્યા લાગતા માણસો પણ એમ કહી દે કે, - 'ચાલ્યા જાઓ તમતમારે, ચિંતા કરશો નહીં, અમે બેઠા છીએ, કોઇ ડર રાખશો નહીં.' અને આપણે બેધડક ચાલ્યા જઇએ છીએ - ડર જતો રહે છે. પગમાં નવું જોમ આવી જાય છે. મનમાં આત્મવિશ્વાસ આવી જાય છે.

હવે, સાવ અજાણ્યા લોકો અને અજાણ્યા પ્રદેશમાં પણ આટલા શબ્દોથી આપણી શક્તિ અને ગતિ વધી જતી હોય તો પછી એવું જાણવામાં આવે કે ગમે તે સંજોગોમાં પણ સર્વશક્તિમાન ઇશ્વર આપણી સાથે છે તો પછી આપણા જોમ અને જુસ્સા વિશે શું કહેવું?

ભગવાન આપણી સાથે જ છે એવી શ્રધ્ધા હરહંમેશ કરવામાં આવતી પ્રાર્થનાથી દૃઢ થાય છે. પ્રાર્થના એટલે ઇશ્વર સાથે સંવાદ. ઇશ્વર સાથે એકરૂપ થઇ જવાય તેવી મનની સ્થિતિ. દરેકની પ્રાર્થના કરવાની રીત અલગ-અલગ હોઇ શકે પણ એ પ્રાર્થના જેના માટે કરવામાં આવી રહે છે તે ઇશ્વર માટેની શ્રધ્ધા તમામની સરખી જ હોય છે.

જયારે આખું આ તંત્ર ચલાવનાર સર્વશક્તિમાન માટે પારાવાર શ્રધ્ધા જાગે ત્યારે પ્રાર્થના આપોઆપ થઇ જાય છે. આપણે નતમસ્તક બની જઇએ છીએ. અને ઘૂંટણીયે પડી જઇએ છીએ. ઇશ્વર માટે દૃઢ શ્રધ્ધા હોય ત્યારે જ આવી પ્રાર્થના શક્ય બને છે.

અને એ શ્રધ્ધા એટલે કેવી? એના માટે ડૉ. આઇ.કે. વીજડીવાળાની એક નાનકડી વાર્તા યાદ આવે છે.

જંગલમાંથી પસાર થતા એક વ્યક્તિની પાછળ વાઘ પડ્યો. એટલે એ તો માંડ્યો દોડવા! પણ આગળ જતાં એક ખીણ આવી એટલે પગ અટકી ગયા. અને વાઘથી બચવા એક ઝાડ પર ચઢી ગયો. અને એક ડાળખી પકડી લીધી. દરમિયાનમાં વાઘ નીચે આંટા માર્યા કરે. હવે શું કરવું? નીચે આંટા મારતો વાઘ અને તૂટું તૂટું થઇ રહેલી ડાળખી પકડીને લટકી રહેલો પોતે અને નીચે બીજી બાજુ ઊંડી ખીણ! આ વ્યક્તિથી પ્રાર્થના થઇ ગઇ, હે ભગવાન! હવે તું જ બચાવી શકે! ભગવાન તો અંતર્યામી, તરત જ પ્રગટ થયા અને કહે, 'તને બચાવું તો ખરો, પણ મારામાં સંપૂર્ણ શ્રધ્ધા રાખીને હું કહું તેમ કરીશ?'

પેલી વ્યક્તિ કહે, 'અરે ભગવાન! આમાંથી બચવા માટે તમે જેમ કહેશો તેમ કરીશ, તમારા સિવાય મારું છે કોણ?'

ભગવાન કહે, 'સારું, તો પછ એક કામ કર, આ ડાળકી પકડી છે તે છોડી દે!'

'હે? એમ તો કેવી રીતે બને?' - પેલી વ્યક્તિથી ચીસ પડાઇ ગઇ - અને ભગવાન અંતર્ધ્યાન થઇ ગયા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

અપડાઉન અને પ્રવાસમાં યુવતીઓ જો પાડોશી પ્રવાસીનાં પાશવી સ્પર્શને પારખીને પરખાવે તો છેડતીનાં છટકામાંથી બચી શકે!

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

સ્નેહા નામની એક છોકરીનો સ્વાનુભવની વાત અહીંયા રજૂ છે, આવો અનુભવ ઓછાવત્તા પ્રમાણમાં લગભગ દરેક યુવતીઓ સાથે બનેલો જ હશે એવું મારૂં માનવું છે...

કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી સ્નેહા એવરેજ રૂપાળીની કેટેગરીમાં આવે. સ્નેહાના પપ્પા સરકારી કચેરીમાં કલાસ-ટુ ની અધિકારીની પોસ્ટ ધરાવે એટલે સરકારની બદલીના ઝપટમાં ચાર-પાંચ વર્ષે નંબર લાગ્યાં જ કરે... પપ્પાએ દીકરીઓનાં અભ્યાસ અને લગ્નની ચિંતાને લઇ ગાંધીનગર જ સેટલ થવાનું નક્કી કરી લીધું. એટલે તેઓ ગુજરાતમાં ગમે ત્યાં બદલી થાય ત્યાં જાય અને પરિવાર ગાંધીનગરમાં જ રહે!!

ગાંધીનગરમાં સેટલ થતાં પહેલાં સ્નેહા અને એનો પરિવાર સુરતમાં હતો એટલે સ્વાભાવિક જ સ્નેહાના નાનપણની બેનપણીઓ સુરતમાં હતી... કૉલેજનાં બીજા વર્ષની પરીક્ષા પતી એટલે સ્નેહાનું મન સુરત જવાં આકર્ષાયું. વાપી બદલી થયેલાં સ્નેહાના પપ્પા હજુએ સુરતમાં ઘરમાં જ ભાડેથી રહેતાં હતા, એટલે સ્નેહાએ પપ્પા સાથે સુરત જવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો... સ્નેહાના પપ્પા મોટે ભાગે બીજા-ચોથા શુક્રવારે રાત્રે ઘેર આવે અને સ્વીકારે રાતની મોડેથી બસ કે ટ્રેન પકડી વાપી પહોંચી જાય જેથી સોમવારે સમયસર નોકરીએ પહોંચી શકાય...

ગાંધીનગર - સુરતની રવિવારે રાત્રે ૮ ની બસમાં અગાઉથી રીઝર્વેશન કરાવી સ્નેહા અને એના પપ્પા બસમાં ગોઠવાઇ ગયા. સીટ પર બેસતાં પહેલાં સ્નેહાએ પાછળની સીટ પરની વ્યક્તિ કોણ છે? એનો ચહેરો જરા જોઇ લીધો. સ્નેહા બારી જોડેની સીટ પર બેઠી અને એના પપ્પા એની બાજુમાં. બસનાં પ્રવાસનો આમ સ્નેહાનો અનુભવ કૉલેજ અપ-ડાઉનનાં કારણે ઘણો અને એમાંય બસમાં એકાદ બે વખત હાથે કરીને ધક્કા મારવા, હાથ ઉપર કે ખભે હાથ મુકી આગળ વધવું, જાણી જોઇને શરીરે સ્પર્શ કરવો જેવાં અનુભવને કારણે સ્નેહા પુરૂષોના સ્પર્શથી પરિચીત થયેલી હતી!!

ગુર્જર નગરી બસે અમદાવાદ એક્સપ્રેસ હાઇવે નો ટૉલ ભરી લાઇટો ઓલવી નાંખી. સ્નેહા બહારનાં લાઇટોવાળા દશ્યો જોતી, ચાંદનીનું રૂપ જોતી સુરતની બહેનપણીઓને યાદ કરવા લાગી. થોડીવારમાં એનાં જમણાં હાથે કંઇક સ્પર્શ થયાનું એણે અનુભવ્યું, એ થોડી ચમકી ઊઠી, પણ એને લાગ્યું કે એનાં મનમાં પેલાં વિકૃત માણસોનાં સ્પર્શની વાતો ભરાયેલી હશે એટલે ખાલી ભાસ થયો લાગે છે, પણ એનું બીજું મન કહેવા લાગ્યું કે જરા ખાત્રી કરવામાં શો વાંધો છે? સ્નેહાએ એનું માથું બસની બારીના સળીયા પર ટેકવ્યું અને ઉંઘવાનું નાટક કરવા લાગી, ઝીણી આંખે એનાં હાથ તરફ જોવા લાગી...

એટલામાં પાછળી સીટે બેસેલાં માણસે સીટની સાઇડની ગેપમાંથી હાથ નાંખી સ્નેહાના હાથને સ્પર્શ કરવાં લાગ્યો!!

એટલામાં જ રસ્તાની સ્ટ્રીટ લાઇટનું અજવાળું પડતાં એણે એક ઝાટકે હાથ પાછો ખેંસી લીધો. હવે સ્નેહાને પાક્કી ખાતરી થઈ ગઈ કે યુવતીના શરીરનાં સ્પર્શનો આનંદ લેવા માટે ભાઈ સાહેબ હાથ મારી રહ્યાં છે! વિચાર કર્યો કે કે જો આને ટોકીશ નહીં તો કદાચ સુરત સુધી આને સહન કરવો પડશે. પપ્પા બાજુમાં જ બેઠાં હતા એટલે બીજી કોઇ સતામણીની ચિંતા તો હતી નહીં, પપ્પાને આવી વાત કરવાની હિંમત થઇ નહીં અને બુમાબુમ કરી પેલા મહાશયની ઇજ્જત ઉતારવા જેટલી બળવાન સ્નેહા નહોતી!!

સ્નેહાનું મગજ સતેજ થઇ ગયું, કંઇક તો કરવું જ પડશે એણે એના ઓઢણીની સેફ્ટી પીન કાઢીને ડાબા હાથમાં તૈયાર રાખી ફૂટી બસની બારીના સળીયા પર ઊંઘવાનું નાટક કર્યું. પેલાં ભાઇ અંધારાનો લાભ ઉઠાવી ફરી એના હાથ પર હાથ ફેરવવાની ચેષ્ટા કરવા લાગ્યો... એનો હાથ દેખાતાં જ સાપ જેમ ફૂંફાડો મરી દંશ દે એમ જ સ્નેહાએ શ્વાસ રોકી એક ઝાટકે હતું એટલું બળ વાપરી પેલી સેફટી પીન એના હાથમાં ઘુસાડી દીધી, પેલાં ભાઇ આહ્‌નો ઉદ્‌ગાર કાઢી કરંટ લાગે એમ એનો હાથ છોડાવી લીધો! સ્નેહાએ વગર બોલે એવું કામ સફળતાથી પાર પાડતાં મનમાં જ ખડખડાટ હસી પડી... સુરત સુધી પેલો હાથ પછી સ્નેહાને સ્પર્શના આગળ વધ્યો જ નહીં!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

રોબોટીક ઢીંગલીના ચહેરા પર ૬૪ ભાવો લાવવા સુધી તો બરોબર ચાલ્યું પરંતુ છેલ્લે ૬૫ મો ભાવ લાવવા માટે જેવો રીમોટ કંટ્રોલનું બટન દબાવ્યું કે જોરદાર વિસ્ફોટ થયો ! રીમોટ કંટ્રોલની ચાઇનીઝ બનાવટની બેટરીમાં વિસ્ફોટ થયો હતો !

હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

રોબોટીક ઢીંગલી!

'પચાસ લાખ રૂપિયા લિવિંગ ડૉલ!' ના સમાચાર ન્યૂઝપેપરમાં વાંચી અને સાથે આપેલ ફોટો જોઇને લાગ્યું કે આ સમાચાર અને ફોટાનો મેળ ખાતો નથી! કારણ કે ડૉલ શબ્દ સાંભળી આપણી આંખોની રેટીના પર જે આભાસી ચિત્ર ઉપસે તે કાંઇક 'બાર્બી ડૉલ' ને મળતું આવતું હોય જયારે અહીં જે ફોટો આપેલ છે તે જાણે બાર્બીનો નહં પણ કોઇ બાનુનો હોય તેવું દેખાય છે! (જાણે જાપાની બિપાશા બાસુ!)

એ તો જે હોય તે પણ મૂળ વાત એ છે કે પચાસ લાખ રૂપિયાની એ રૉબોટીક ઢીંગલી પોતાના ચહેરા પર ૬૫ પ્રકારના હાવભાવ દર્શાવી શકે છે! ઢીંગલીની સ્કીનની અંદર તેને ઑટોમેટીક કંટ્રોલ કરવા મિકેનિકલ ડિવાઇસ તેમજ સૅન્સર્સ મુકવામાં આવ્યા છે. આ ઢીંગલી જાપાનના ઓસાકા યુનિવર્સિટીના રૉબોટ ડિઝાઇનર હિરોશી ઇશીગુરાએ બનાવી છે. આ ૬૫ પ્રકારના ભાવ દુનિયાના અગત્યના દેશો જેવા કે ઇન્ડિયા, જાપાન, ચીન, અમેરિકા વિગેરે દેશોના લોકોના સ્વભાવ, સંસ્કાર, રહેણીકરણી, રાજકીય ગતિવિધિઓ તેમજ કરન્ટ બનાવોને અનુલક્ષીને ઉપસાવવામાં આવ્યા છે. ઢીંગલીના મુખારવિંદ પરના ૬૫ ભાવોમાંથી કેટલાક ભાવો આ પ્રમાણેના હોઇ શકે!

હવે વાંચો કાલ્પનિક રસ્તે રઝળતી વાતો!

આ ઢીંગલી બનાવનાર જાપાની છે એટલે 'CHARITY BIGINS AT HOME' એ ન્યાયે ઢીંગલીના ચહેરા પરનો પ્રથમ ભાવ એ સ્વાભાવિક રીતે જ પોતાના દેશને અનુલક્ષીને જ દર્શાવે!

● એકાદ વર્ષ પહેલાં જાપાનમાં આવેલ ભયંકર ભૂકંપ અને ત્યારબાદની સુનામીમાં ત્યાંના અનેક ઍટોમિક પ્લાન્ટસમાં થયેલ પ્રચંડ વિસ્ફોટોને કારણે રેડિયેશનના મહાભયાનક 'હારાકીરી' માંથી એક જ વર્ષમાં બેઠા થઇ ગયેલ દેશના લોકોની સખત મહેનત અને પુરૂષાર્થની દાદ માગી લે તેવા આત્મવિશ્વાસ અને સંતોષ દર્શાવતો ભાવ!

● દારૂબંધીવાળા પ્રદેશમાં શ્રીમંત કુટુંબના નબીરાઓ, પુત્રીઓ, પુત્રવધુઓ જયારે પીધેલી હાલતમાં પોલીસ પાર્ટી દ્વારા ઝડપાઇ જાય ત્યારે પીધેલાઓના મોઢા પર જે ભાવો આવી જાય તે ભાવો! (કરૂણ, રૌદ્ર, વીર, વિ. જીવનના નવે નવ રસ દર્શાવતા ભાવો વારાફરતી આ લોકોના ચહેરા પર આવી જવા સ્વાભાવિક છે!)

જયારે તેનાથી વિરૂધ્ધ રેઇડ પાડનાર પોલીસ કર્મીઓના મોઢા પર આનંદ, ઉલ્લાસ અને સફળતાનો 'નશો' દર્શાવતા ભાવ પણ આ ૬૫ પ્રકારના ભાવોમાંનો એક પ્રકાર હોઇ શકે!

રેઇડ પાડનાર પાર્ટીને તો જાણે 'સોનાની લંકા' માં રેઇડ પાડ્યા જેવું પણ લાગે!

કારણ કે આવા એક બનાવમાં મહિલાઓને 'બા-ઇજ્જત' છોડી દેવામાં આવી હતી!

છોડી દેવાયેલ આ મહિલાઓ અંદરોઅંદર ઘૂસપૂસ કરતી હતી કે - 'દરેકને છોડવાનો પાંચ લાખનો 'ભાવ' બહુ કહેવાય! આ પાર્ટી આપણને પાંચ લાખમાં પડી! આના કરતાં તો પચાસ હજારનો દારૂ ઘેર મગાવીને... હોય તો?!)'

● તાજેતરમાં એવા સમાચાર બહાર આવ્યા છે કે સાપેક્ષવાદના સિધ્ધાંતના પ્રણેતા વિશ્વના મહાવ વૈજ્ઞાનિક આઇનસ્ટાઇન વિશ્વના સૌથી ખરાબ પતિ હતા!

કહે છે કે આ મહાન વૈજ્ઞાનિકનું અંગત જીવન ખૂબ જ ખરાબ અને નિરાશા જનક હતું! તેમનું લગ્નજીવન લગ્નના ૧૧ વર્ષ પછી ડામાડોળ બનવા લાગ્યું હતું અને ટાઇટેનિકની જેમ હિમશીલાને અથડાવાની તૈયારીમાં જ હતું!

આવા સંજોગોમાં તેણે પત્ની માટે ઘણા આકરા નિયમો બનાવ્યા હતા! જેમ કે -

- તેની પત્ની તેના 'ડેસ્ક' ને અડકી શકશે નહીં!

- તેની પત્ની પોતાની સાથે બહાર જઇ શકશે નહીં કે પ્રેમપૂર્વક વાતો પણ કરી શકશે નહીં! (અમારી માન્યતા પ્રમાણે આ નિયમ તેણે ખોટો બનાવ્યો! કારણ કે, આમેય તે લગ્નના ૧૧ વર્ષ પછી કોઇ પ્રેમપૂર્વક વાતો કરતાં હશે?!)

- તેની પત્નીએ પોતા પાસેથી પ્રેમની કોઇ અપેક્ષા રાખવી નહીં અને મૌન પાળવું!

આ જાણીને -

આપણા દેશમાં અત્યારના પતિદેવો કૉલર ઊંચા કરીને પોતાના મુખ પર એવા ભાવ લાવી શકશે કે અમે આઇનસ્ટાઇન કરતાં કેટલા સારા છીએ!

વળી એમની પત્નીઓ પણ પોતાના ચહેરા પર એવા ભાવ દર્શાવશે કે - 'અમે વટસાવિત્રીનો વ્રત પુરા ભક્તિભાવ સાથે પૂર્ણ કરેલ તેથી જ અમને આઇનસ્ટાઇન જેવો પતિ નથી મળ્યો! હાશ!'

● આજકાલ લોકો જયારે કોઇ વસ્તુ ખરીદવા જાય અને વસ્તુના ભાવ બહુ વધી ગયેલા લાગે ત્યારે દુકાનદાર દોષનો ટોપલો પેટ્રોલ પર ઢોળી દે છે! અમારા એક મિત્ર પેટ્રોપપંપની બાજુમાં જ આવેલ એક આઇસ્ક્રીમ પાર્લર પર ગયા અને મેનુકાર્ડમાં લસ્સીના ભાવ ડબલ થયેલા વાંચી ચમક્યા! તેણે જયારે પાર્લરવાળાને આ અંગે પૂછ્યું તો પાર્લરવાળાએ જવાબ આપ્યો - 'પેટ્રોલ કેટલું મોંઘું થઇ ગયું છે!'

અમારા મિત્રે પૂછ્યું - 'તે લસ્સીમાં તમે પેટ્રોલ ભેળવો છો?!' આઇસ્ક્રીમ પાર્લર વાળો આ સાંભળી જોતો જ રહી ગયો! તેના મોઢા પરના ભાવ પણ જોવા જેવા હતા! (જો કે આ પણ શક્ય છે! કારણ કે, દિલ્હી, યુ.પી.ના નોઇડા, ગાઝીયાબાદ, વિગેરે સ્થળોએ દૂધમાં ડિટરજન્ટ પાવડર, યુરીયા વિગેરેની ભેળસેળ થાય જ છે!)

● ભારતની લોકશાહીની સીકલ જોવી છે?!

તો જુઓ! - નહીં, વાંચો - મનમોહનસિંહ અને મમતા બેનરજી સાથે ઊભા હોય તો 'વાઘ બકરી (!) જેવા દેખાય!' (સિંહ બકરી જેવા દેખાય! અને મમતાને તો રીપોર્ટરો બંગાળની TIGRESS તરીકે ઓળખે જ છેને!)

કોંગ્રેસ કરતા દસ ટકા કરતાં પણ ઓછા સાંસદ સભ્યોવાળી મમતા મનમોહનસિંહને વાતે વાતે દબડાવે છે અને પોતાનું ધાર્યું કરાવે છે!

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨જી મે ચિત્રકાર લિયોનાર્ડ-દ-વિન્ચીની પૂણ્યતિથિ

● ૧૫મી સદીની મહાન વિભૂતિ લિયોનાર્ડ-દ-વિન્ચીની પુણ્યતિથિ.

વૈજ્ઞાનિક અને ચિત્રકાર તરીકે પ્રભાવશાળી આ વિભૂતિના ચિત્રો 'મોનાલીસા', 'ધી લાસ્ટ સપર' કરોડો રૂપિયાની કિંમતના છે. ૨-૫-૧૫૧૯માં તેમનું અવસાન થયું.

● સન્માનિય

ભારતીય ફિલ્મ દિગ્દર્શક સત્યજિત રાયનો જન્મદિન.

● આયુર્વેદનો ફેલાવો કરનારા ગુજરાતના પૂર્વ આરોગ્ય પ્રધાન, સ્વાતંત્ર્ય સેનાની શ્રી મોહનલાલ વ્યાસનો જન્મદિન. ૨-૫-૧૯૦૭.